નમસ્કાર ગાંધીનગર

પમરાટ

શિયાળો હુંફાળો, મખમલી અહેસાસ ભરતો,
થીજેલા ગાત્રોથી, ખરખર ખરે ઝાડ પરણો,
ગુલાબી ગાલોની, કવિ કરમથી થાય કવિતા,
હુંફાળા શ્વાસોથી, રણઝણી ઉઠે રોજ સવિતા.

પારુલ બારોટ

પાથેય

- રમેશ ઠક્કર

શિયાળો થશે શરૂ...

વહેલી પરોઢે કોઇ રસ્તાની ધારેધારે ચાલવાની મજા નિરાળી હોય છે..મજા જે હોય છે મળસ્કે એ આખા દિવસમાં નથી હોતી..સરકતા પરોઢની તાજી હવાનો સ્પર્શ એ કોઇ ચમત્કારથી કમ નથી હોતો. પરોઢનું આકાશ કોઇપણ જાતના અભિયાન વગર આવું ચકચકિત કઇ રીતે થઇ જતું હશે? એ વાત મને તો આશ્ચર્યચકિત કરે છે..આ સમયે ઘડીભર તમે કવિ થઈ જાઓ તો એમાં કોઇ નવાઇ નથી..

એકધારા દિવસોની આ દડમજલમાં જો ઋતુઓનો આવો બદલાવ ના હોત તો કદાચ આપણું જીવવું દુષ્કર બની ગયું હોત..! શિયાળો એ રીતે સુખકર છે...નવા દિવસોની નવી લહેરોમાં વહેલી સવારે ટહેલતાં ભુલાઇ ગયેલું કોઇ સ્વજન યાદ આવે એમ ઘડીભર સ્વેટરની યાદ આવી જતી હોય છે..કશીક હૂંફ માટેની આપણી તલાશ તગતગી ઉઠે છે..આ બધા મનોભાવો આપણને આવનારી ગુલાબી ઠંડીની ઝલક બતાવી જાય છે..

શિયાળો જયારે પુરબહારમાં ખીલી ઊઠે છે ત્યારે સાવ ક્ષૂલ્લક લાગતું તાપણું પણ આપણું લાગતું હોય છે..! ઠંડીનો ઠસ્સો હંમેશાં દબદબાભર્યો હોય છે..'હુશન પ્હાડોં કા..અને કમનીય ટેકરીઓ..અને અલ્લડ આકાશ.. કડકડતી ઠંડીમાં આ બધું બેમિસાલ લાગે છે..સુંદરતાનું પોતાનું એક આગવું આવરણ હોય છે...

લીલીછમ ધરા ઉપર જ નહી રણની અતૃપ્ત ધરતી ઉપર પણ એ ભીનાશ બનીને છવાઇ જાય છે..ખેતરો નવી હવાના સ્પર્શથી મનોરમ જ નહીં મનભાવન પણ બની જાય છે...શિયાળાની સવાર સ્ફુર્તિના ફુવારા લઇને આવે છે અને સાંજ ગોધૂલીના ગુલાબી મિજાજ સાથે પ્રગટે છે..કોકરવરણો બપોરનો તડકો કોમળ ત્વચાને સ્પર્શ કરે છે ત્યારે રોમરોમ પુલકિત થઇ જાય એ સ્વાભાવિક છે..

શિયાળો એક જીવંત અનુભુતિ છે.એનું શબ્દચિત્ર સ્વયં એક રોમાંચક આલેખન છે...એમાં સંવેદનનો સહચાર હોય છે..હરખભેર રેલાતી હળવી લ્હેરખી જયારે એના આગમનની છડી પોકારે છે ત્યારે અનેક આશાઓ જાણે સુરજના સોનેરી કિરણોની માફક આપણા અસ્તિત્વને ઝગમગાવી જાય છે...પા પા પગલી માંડતા કોઇ મુગ્ધ શિશુ જેવો શિયાળાનો સંચાર આપણી શુષ્ક ગતિને ઘડીભર લય આપી જાય છે...આપણને નવી વય આપી જાય છે..બહરહાલ...શિયાળો હજી સજ્જ થઇ રહયો છે..એનો ફૂલગુલાબી વૈભવ પથરાશે આહિસ્તા આહિસ્તા..

કોમી એકતા સિદ્ધ થવી જોઈએ

તંત્રીસ્થાનેથી...

ભારતની તાસીર બદલાઈ રહી છે. એને છેલ્લા કેટલાક સૈકાઓ દરમિયાન જે સમ્યક્ સ્વરુપમાં ઢાળી ગંગાજમના તહેજીબ જેવા રૂપકડાં શબ્દોમાં નવાજવામાં આવતી હતી તે યથાવત જ રાખીને પણ વર્તમાન શાસક વર્ગ અને બહુમતી ધરાવતો સનાતની હિંદુ સમાજ એની 'હિંદુ' તરીકેની ઓળખ ઉજાગર કરવા કૃતસંકલ્પ છે. ગાંધીજીને રાષ્ટ્રપિતા કહેનાર દેશમાં હવે દિલ્હીની મસ્જિદના ઈમામ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતને 'રાષ્ટ્રઋષિ' ઉપરાંત 'રાષ્ટ્રપિતા' કહી જાહેરમાં નવાજે છે. આ પરિવર્તન ઐતિહાસિક છે. એક તરફ ઓવૈસીથી લઈ હમણાં જેના પર આતંકવાદની તાલીમ અંગેના ઈલજામ લાગ્યા છે આવા 'પોપ્યુલર ફ્રંટ ઓફ ઈન્ડિયા' નાં વિવિધ થાણાં જેહાદની હિંસક ભાષા વાપરતાં થઈ ગયા છે ત્યારે ઈમામોના ઈમામ જેવા દિલ્હીની મસ્જિદના ઈમામને સામે ચાલીને 'હિંદુ રાષ્ટ્ર'ના પ્રખર હિમાયતી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કર્ણધાર મળવા જાય તથા એના સકારાત્મક પ્રતિસાદ લેખે એમના માટે 'રાષ્ટ્રઋષિ' ઉપરાંત 'રાષ્ટ્રપિતા' જેવી બિરદાવલી સાંપડે તે નિશ્ચિતપણે બદલાયેલા પરિપ્રેક્ષ્યની જ પ્રતીતિ કરાવે છે. આમ તો આમાં કશું ખોટું પણ નથી. પરંતુ વર્ષોના શાસનને કારણે મુસલમાનો પોતાને સુલતાનો અને બાદશાહોના વારસદાર ગણી હિંદુ બહુમતી પર દાદાગીરી કરતા રહ્યા હતા તે પરિસ્થિતિ ગુજરાતા ગોધરાકાંડ પછીની પ્રતિક્રિયા બાદ બદલાઈ ગઈ છે. મુસલમાનો આ દેશમાં જન્મ્યા છે અને એમને નાગરિક તરીકે સમાન અધિકારો છે એ વિશે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘનો પણ કોઈ જ વિરોધ નથી. બલકે હવે તો એમનો અભિગમ પણ ઉદારમતવાદી બની રહ્યો છે. ભાગવત મુસલમાનોને પણ હિંદુસ્તાનમાં જન્મ્યા હોઈ હિંદુ જ ગણે છે. એ હિંદુ - મુસલમાન તમામને રામ અને કૃષ્ણનાં જ સંતાન ગણે છે. 'ડીએનએ' એક સરખા હોવાની સાહેદી પુરાવે છે. હિંદુસ્તાનમાં રહેનારા તમામ હિંદુ, પછી ભલે એમની પૂજા પદ્ધતિ જુદી હોય. મૂળે તો આ ખ્યાલ મહાત્મા ગાંધીના 'રઘુપતિ રાઘવ રાજા રામ' વાળા ભજનમાં પણ વ્યક્ત થતો જ હતો. 'ઈશ્વર - અલ્લા તેરો નામ.' જો ઈશ્વર અને અલ્લાહ એક હોય તો હિંદુ અને મુસલમાન જુદા કઈ રીતે હોઈ શકે? પણ આ ભજન કુલગામની શાળામાં કાશ્મીરી વિદ્યાર્થીઓ પાસે ગવડાવવામાં આવ્યું ત્યારે કાશ્મીરનાં પૂર્વ મુખ્યમંત્રી મહેબૂબા મુફતીએ એને ઈસ્લામ વિરુદ્ધની સરકારી પગલું ગણાવ્યું. જો કે પૂર્વ મુખ્યમંત્રી ફારુખ અબ્દુલ્લા પોતે બુલંદ અવાજે રામની પ્રશસ્તિ કરતું ભજન લલકારવામાં ગૌરવ અનુભવે છે અને રામને આખા ભારતના પૂર્વજ તરીકે સ્વીકારે છે. ભાગવત અને અબ્દુલ્લાના વિચારો છેલ્લે તો લેબોરેટરીમાં 'ડીએનએ'ની ચકાસણી પણ આવીને અટકે છે. મૂળભૂત રીતે આ વૈજ્ઞાનિક પરીક્ષણમાં તો ઈરાન, અફઘાનિસ્તાન, પાકિસ્તાનથી લઈ ભારતના પશ્ચિમોત્તર પ્રદેશો - ગુજરાત - રાજસ્થાન અને મધ્ય ભારત પર્યંત આર્યોનો ડીએનએ જ મળે. આ દેશનું જૂનું નામ જ 'આર્યાવર્ત' હતું. એ દૃષ્ટિએ કટ્ટર ધાર્મિક, ટીલાંટપકાં કરનારા અને તિરુપતિને પૂજનારા દક્ષિણી બ્રાહ્મણો આર્ય નથી; તેઓ દ્રવિડ પ્રજા છે. જયારે ગૌમાંસ ખાનારા પાકિસ્તાની - અફઘાનિસ્તાની અને અન્ય મુસ્લિમો ભારતીય પ્રજા કરતાં પણ વધારે શુદ્ધ આર્યન ડીએનએ ધરાવતી પ્રજા છે. નેપાળ કયારેક 'હિંદુ રાષ્ટ્ર' તરીકેની ઓળખ ધરાવતો દેશ હતો પણ ત્યાંની પ્રજા મોંગોલિયન ડીએનએ ધરાવે છે. ભાગવત આ બધું નહીં જાણતા હોય એવું કેમ માની લઈએ? ભારતમાં આર્ય, દ્રવિડ, મોંગોલિયન સમેત અનેક પ્રજાઓનો શંભુમેળો જામ્યો કારણ કે એ સમૃદ્ધ હતું. આખી દુનિયામાંથી લોકો ભારતને શોધતા શોધતા આવી ચડ્યા અને અહીં રહી પડ્યા. એ વખતે ભારત આજના અમેરિકા જેવી 'લેન્ડ ઓફ ઓપર્ચ્યુનિટી' - તકોની ભૂમિ હતું. રાજકીય રોટલા શેકવા માટે પાર્ટીઓ વિવિધ સમયે વિવિધ નુસખા અજમાવતી રહી છે. મુસલમાનોને કોંગ્રેસે વોટ બેંકમાં કન્વર્ટ કરી દીધા હોવાનો ભાજપનો દાવો પણ ખોટો તો નહીં જ ગણી શકાય. ખુદ મુસલમાનોએ આ મુદ્દે હિંદુઓ સાથે હળીમળીને નવેસરથી એકડો ઘૂંટવાની જરૂર છે. આવતાં વર્ષોથી ભારતને માતૃભૂમિ તરીકે સ્વીકારનારી પ્રજાને 'પાકિસ્તાન' ધકેલી મૂકવાની વાતો કરનારા મૂર્ખાઓના સ્વર્ગમાં રાચે છે. ભાગવતનો આશય ભલે ભાજપને મજબૂત કરવાનો હોય, પણ એનું હાર્ટ સમજવા જેવું છે.

દાંતની સેન્સિટીવીટી : એક પીડાદાયક સમસ્યા

દંત-ચિકિત્સા
ડો. બિંદી મિહીર પંડ્યા

આજે આપણે દાંતની એક સામાન્ય પરંતુ પીડાદાયક સમસ્યા વિશે વાત કરવા જઈ રહ્યા છીએ.

અમારા ક્લિનિકમાં એક બહેન (ઉંમર - ૫૨ વર્ષ) આવ્યા હતા. તેઓની સમસ્યા એ હતી કે તેમને દાંતમાં તીવ્ર ઝણઝણાટી નો અનુભવ થઈ રહ્યો હતો. તેઓ જયારે પણ કશુંક ઠંડુ કે ગળ્યું ખાતા હતા; કે પછી ઠંડુ પાણી પણ પીતા હતા ત્યારે તેમનાં દાંતમાં તીવ્ર ઝણઝણાટી અને દુઃખાવાનો અનુભવ થતો હતો. આ સમસ્યા 'ટીથ સેન્સિટીવીટી' પણ કહી શકાય.

આ જ આપણો આજનો મુદ્દો છે. દાંતની સેન્સિટીવીટી એ કોઈ પણ ઉંમરમાં અનુભવ થઈ શકે તેવી સમસ્યા છે, તો આજે આપણે તેના વિવિધ કારણો, લક્ષણો અને સારવાર અંગે માહિતી મેળવીએ.

● દાંતની સેન્સિટીવીટી થવાનું કારણ

આપણે સૌ જાણીએ છીએ કે દાંતના ઉપરના પડને 'ઈનેમલ' કહે છે. તે આપણા શરીરનું સૌથી મજબૂત હાર્ડ ટીશ્યુ છે. તેમાં ૯૬ % મિનરલ્સ આવેલા છે, જયારે આ પડમાં દાંતના સડા કે પછી અન્ય કારણોસર ઘસારો પહોંચે છે ત્યારે દાંતનું બીજું પડ કે જેને 'ડેન્ટિન' કહે છે, તે ઓરલ કેવીટીમાં એક્સપોઝ થાય છે. ડેન્ટિનમાં ડેન્ટાઈનલ ટ્યુબ્યુલ્સ આવેલા હોય છે, જેમાં ડેન્ટાઈનલ ફ્લ્યુઈડ નામનું પ્રવાહી હોય છે. તેના માધ્યમથી દાંતને ઝણઝણાટી કે દુઃખાવાનો અનુભવ થતો હોય છે.

દાંતનો સેન્સિટીવીટી એ તાત્લાકિક કે લાંબા ગાળાની સમસ્યા હોઈ શકે

સેન્સિટીવીટીના લક્ષણો :

દાંતની સેન્સિટીવીટી કોઈ એક કે વધુ દાંતમાં થઈ શકે છે, તેનાથી વ્યક્તિને કળતર કે તીવ્ર દુઃખાવો જોવા મળી શકે છે. આ માટે કેટલાક મહત્વપૂર્ણ પરિબળો :

- ઠંડી હવા
- અતિશય ઠંડા અથવા ગરમ પીણા / ભોજન
- ગળ્યા ખાટા પ્રવાહી / ભોજન
- ઘણીવાર દાંતને બ્રશ કરતી વખતે
- માઉથવોશનો વપરાશ કરતી વખતે

આ લક્ષણો (દુઃખાવો) સામાન્યથી માંડીને અતિ તીવ્ર હોઈ શકે છે. તે ફક્ત અમુક સેકન્ડથી લઈને લાંબા સમય સુધી રહી શકે છે.

સેન્સિટીવીટી માટે જવાબદાર પરિબળો :

ઘણી વ્યક્તિઓમાં કુદરતી રીતે જ ઈનેમલનું પડ પાતળું હોય છે. તેઓ અન્ય વ્યક્તિઓ કરતા વધુ સેન્સીટીવીટીનો અનુભવ કરી શકે છે.

- વધુ પડતું જોરથી બ્રશ કરવાથી.
- વધુ સખત ટૂથબ્રશનાં વપરાશથી
- રાતાં સમયે દાંતને કચકચાવાની આદતનમાં કારણે
- અતિશય ખાટા પ્રવાહી / ભોજનનાં નિયમિત સેવનાં લીધે.
- ઘણી વ્યક્તિઓમાં પેટને લગતી સમસ્યાઓ (GERD/ Bulimin) કે જેમાં વારંવાર ઊલટી ઉબકા આવતા હોય તો તે પણ એસિડિક નેચરનાં લીધો દાંતના ઈનેમલનો ઘસારો કરી શકે.
- દાંતનો સડો, તૂટેલા દાંત કે પછી દાંતનું ઉપરનું પડ ઘસાઈ ગયું હોય, જુની દાંતની ફિલિંગના ઘસારાના લીધે પણ સેન્સીટીવીટીનો અનુભવ થઈ શકે.

જૂની દાંતની કેપમાં જો ઘસારો હોય કે ત્યાં પેઢા નીચે ઉતરી ગયા હોય, તો પણ વ્યક્તિને સેન્સિટીવીટી થઈ શકે, કે આવા કિસ્સામાં સંપૂર્ણ મોઢામાં જ નહીં પરંતુ ફક્ત અમુક દાંતમાં જ ઝણઝણાતી થતી હોય છે.

- ટેમ્પરરી સેન્સિટીવીટીનો પણ વ્યક્તિ અનુભવ કરી શકે છે, ખાસ, કરીને ત્યારે જયારે દાંતની ટ્રીટમેન્ટ જેવી કે ફિલિંગ્સ કરાવતી વખતે, ક્રાઉન (કેપ) બેસાડ્યાની પ્રક્રિયા દરમિયાન અથવા દાંતની સફાઈ કે ટૂથ બ્લીચીંગ કરાવ્યા બાદ થોડા સમય માટે વ્યક્તિ સેન્સિટીવીટીનો અનુભવ કરી શકે છે.

તો મિત્રો આજના અંકમાં આટલું જ.... આવતા અંકમાં આપણે દાંતની સેન્સિટીવીટીના નિદાન, તેના ક્લિનિકલ લક્ષણો અને તેની સારવાર અને તેના માટે ઉપલબ્ધ વિવિધ પ્રસાધનો અંગે જાણકારી મેળવીશું.

મહેન્દ્ર મેઘાણીની વસમી વિદાય

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

મહેન્દ્રભાઈનું ૧૦૦માં વર્ષે આ જગતમાંથી જવું તે આકરું લાગે તેવું હતું. દુષ્કાળ તો સો વર્ષે પડે તો પણ આકરો જ લાગે!

એક સામાન્ય વસવસો કે કેટલીકવાર ફરિયાદ સાંભળવા મળતી હોય છે. તેમાં તથ્ય પણ છે. ફરિયાદ એવી રહી છે કે હવેની પેઢી કે યુવાન પેઢી વાંચવામાં ઓછો રસ ધરાવે છે. ગુજરાતીઓના સંદર્ભમાં પણ કેટલાક લોકો એવું તારણ રજુ કરતા હોય છે કે ગુજ્જુભાઈઓ કંપનીઓના સરવૈયા સિવાય ખાસ કશું વાંચતા નથી. આ વાતનો સ્વીકાર કરનાર તથા તેની સામે અસંમતિનો સુર કાઢનાર એમ બંને પ્રકારના વર્ગ છે. તેમના ખરા કે ખોટાપણાનો નિર્ણય ન કરીએ. પરંતુ એટલું જરૂર વિચારી શકાય કે પૂછી પણ શકાય કે લોકોને તેઓ વાંચતા થાય તેવું આપણે કંઈ કર્યું ખરું? એક સામાન્ય પ્રયાસ તો પોતાની સૂઝ તથા શક્તિ મુજબ સૌ કરી શકે. એવું કાર્ય કરવા માંગતા તમામ લોકો માટે એક આદર્શવાદી છતાં કરી શકાય તેવું વ્યવહારુ ઉદાહરણ પ્રસ્થાપિત કરીને મહેન્દ્રભાઈ ગયા.

આ રીતે કોઈ નક્કર કામ કરીને જગતને લાભાન્વિત કરવાની વાત આવે ત્યારે સૌ પ્રથમ સ્મૃતિમાં મહેન્દ્રભાઈ મેઘાણીનું નામ આવે. એક દ્રષ્ટાંત કદાચ આ સંદર્ભમાં આપી શકાય. ઝવેરચંદ મેઘાણી અકાળે જ આપણી વચ્ચેથી ગયા. ૧૯૪૭નું એ ઐતિહાસિક વર્ષ હતું. મહાન સર્જક મેઘાણીના ગયા પછી એક જ માસમાં મહેન્દ્રભાઈએ સોરઠી સંતવાણીનું પ્રકાશન કર્યું. એક વિચારશીલ તથા નિષ્ઠાવાન પુત્રનું પિતા માટેનું આ સાર્થક તર્પણ હતું.

મહેન્દ્રભાઈના મનમાં એ સતત મથામણ રહેતી હતી કે વિચારશૂન્યતા એ આપણા સૌ માટે એક પડકારનો વિષય છે. લોકો વાંચતા થાય તો અનેક નવા દ્રષ્ટિકોણ તેમને મળી શકે છે. વાંચન થકી જ વિચારશુન્યતાના કપરા પડકારને ખાળી શકાય છે. આ બાબતમાં વિશ્વના એક સુવિખ્યાત તથા વિશાળ વાચકવર્ગ ધરાવતા રીડર્સ ડાયજેસ્ટનું ઉદાહરણ તેમના મનમાં સતત રમતું હતું. પડકાર હોય તો તેને ઝીલી લેવાની ક્ષમતા મહેન્દ્રભાઈમાં હતી. આથી ૧૯૫૦ના પ્રજાસત્તાક દિવસે(૨૬ જાન્યુઆરી) તેમણે "મિલાપ" માસિકની શુભ શરૂઆત કરી. "આ નો ભદ્રાઃ કૃતવો યન્તુ વિશ્વતઃ" જેવા વેદમંત્રની તેમાં ભાવના હતી. જ્યાં પણ કંઈક સારું છે તેને ગોઠવીને-ટૂંકાવીને તેમણે 'મિલાપ'માં મુકવાનું શરુ કર્યું. સમાજના એક મોટા વર્ગમાંથી 'મિલાપ'ને આવકાર મળ્યો. 'મિલાપ'ની ઉજળી યાત્રા ૧૯૭૮ સુધી સતત ચાલી. લગભગ ત્રણ દાયકાઓ સુધી એવું સ્વસ્થ તથા વિચાર પ્રક્રિયાને વેગ આપે તેવું સાહિત્ય પીરસવું એ નાની સુની વાત નથી. તંત્રીની 'શક્તિ ઓસરવા લાગતા' મિલાપ બંધ કરવામાં આવ્યું. ગુજરાતી જેમની માતૃભાષા છે તેવા અસંખ્ય લોકોને મિલાપની ખોટ પડી. 'સંસ્કૃતિ', 'મિલાપ' કે 'નવચેતન' જેવા સામાયિકો બંધ કરવા પડે તે સમાજ માટે નિસ્બતની બાબત બનવી જોઈએ. સમાજના વિશાળ વર્ગે ઉત્તમ સામયિકોનું સંવર્ધન કરવું પડશે.

મહેન્દ્રભાઈ 'અરધી સદીની વાચનયાત્રા'ના ચાર ભાગ પ્રસિદ્ધ કરીને આપણાં પર ઋણ ચડાવીને ગયા. 'અરધી સદીની વાચનયાત્રા'નો પહેલો ભાગ ૨૦૦૩માં બહાર પડ્યો. ચોથો કે છેલ્લો ભાગ ૨૦૦૬માં બહાર પડ્યો. સવાલાખથી પણ વધારે નકલો ડિસેમ્બર-૨૦૦૯ સુધીમાં છાપવામાં આવી. આટલા પુસ્તકોની કિંમત ગણીએ તો તેની કિંમત રૂપિયા એક કરોડ જેટલી થાય છે. જો કે પુસ્તકોની કિંમત બજારભાવથી ઘણા ઓછા મૂલ્યમાં નક્કી કરવામાં આવી હતી. ચારભાગના થઈને લગભગ ૨૫૦૦ પાન થવા જાય છે. વાચનયાત્રાને મળેલો આ વ્યાપક લોક આવકાર એ પણ એક સાહિત્ય વિતરણના ઈતિહાસમાં નોંધપાત્ર ઘટના છે. આ ચારભાગના પણ કેટલાક લખાણો પસંદ કરીને પાંચમો ભાગ 'પ્રસાદ' સ્વરૂપે તેમણે જગત સામે ધર્યો. મહેન્દ્રભાઈ આ વાંચનયજ્ઞના જનક હતા.

સાહિત્યના પ્રસારણ માટે આવો ગંજાવર પ્રયાસ કદાચ કોઈ સાહિત્યસંસ્થા કે યુનિવર્સીટીએ પણ નહિ કર્યો હોય. મહેન્દ્રભાઈએ એ બાબતની પુનઃપ્રતીતિ કરાવી કે દરેક વ્યક્તિને કંઈક સારું વાંચવાની મહેચ્છા હોય છે જ. કોઈ પ્રયાસ કરે તો તેને પરિણામ મળ્યા સિવાય રહે નહિ. સંસારનો ત્યાગ કરીને એક સાધુ વેશ ધારણ કરનાર અખંડાનંદજીએ પણ ઉત્તમ પુસ્તકો લોકોને વાજબી કિંમતે મળે તે માટે જીવનભર પ્રયાસો કર્યા. આજે પણ 'અખંડાનંદ' અનેક લોકોને સારા તથા સંસ્કારી વાંચનનો રસથાળ નિયમિત રીતે પીરસતું રહે છે. 'અરધી સદીની વાચનયાત્રા' તેમજ 'પ્રસાદ' પછી પણ મહેન્દ્રભાઈ અટકતા નથી. ૧૯૫૦થી 'મિલાપ' શરુ થયું. આથી તે દરેક વર્ષના બાર અંકોમાંથી પણ લખાણો તારવીને એક નાની પુસ્તિકા રૂપે તેને પ્રગટ કરવાનો વિચાર મહેન્દ્રભાઈને આવ્યો. આવા વર્ષવાર પુસ્તકો તૈયાર કરીને ૧૯૫૦થી છેક ૧૯૭૮ સુધીના વર્ષવાર પુસ્તકો તેમણે બહાર પાડવાનો પણ સંકલ્પ કર્યો. ધીરુભાઈ ઠાકરની સહાયથી વાચનયાત્રાના નાના નાના ભાગો તેમણે તૈયાર કર્યા તેમજ તેનું શાળાઓમાં વિતરણ કર્યું.

અરધી સદીની વાચનયાત્રાને અસાધારણ આવકાર મળ્યો. નિષ્ઠાપૂર્વક થયેલું આ ગંજાવર કામ ભાગ્યે જ જોવા મળે તેવું છે. અરધી સદીના વાંચનનો આવો નિચોડ પેઢી દર પેઢી માટેની મોંઘેરી ભેટ છે. ઉશનસ કહે છે કે આ કાર્ય વાંચન માટેની રુચિ તો વધારે છે જ પરંતુ જીવનના મૂલ્યો તરફ પણ લોકોનું ધ્યાન દોરે છે.

શારીરિક શ્રમ તરફનો મહેન્દ્રભાઈનો લગાવ એ યુવાનો માટે પ્રેરણાદાયક છે. પિતાના અકાળ અવસાનને કારણે માથે આવી પડેલી જવાબદારીઓ તેમને નિષ્ઠાપૂર્વક નિભાવી. કેટકેટલા પ્રયાસો કર્યા બાદ લોકોને વાંચી સંભળાવવાનો પણ ઉપક્રમ તેમણે કર્યો. ઝવેરચંદ મેઘાણીએ મહેન્દ્રભાઈ પરના એક પત્રમાં લખેલું કે "તું વટવૃક્ષ છો તેથી તારો વિકાસ નક્કી છે." વિકસવાની આ અમૂલ્ય શક્તિને હૈયામાં ધારણ કરી તેઓ સતત વિકસતા તેમજ વિસ્તરતા રહ્યા. વિશાળ વટવૃક્ષ જેવું ઘેઘુર અને ઘટાટોપ જીવન જીવીને મહેન્દ્રભાઈ આપણી વચ્ચેથી ગયા.

'લ્યો સ્મરણના ઊંટ તો હાંફી ગયાં...ને શરૂઆત હવે રણની થાય છે...'

સંવેદનનું સ્ટેટસ
રમેશ ઠક્કર

ઊંટ કહે આ સભામાં વાંકા અંગવાળાં ભૂંડા ભૂતળમાં પક્ષીઓને પ્રાણીઓ અપાર છે..એ પછી છેલ્લે શિયાળ કહે છે.."અન્યનું તો એક વાંકુંઆપનાં અઢાર છે..'ઊંટ માટે કવિ દલપતરામે આવી યાદગાર વ્યંગ કવિતા લખી છે..પરંતુ ઊંટ જેવું મહેનતુ અને વફાદાર પ્રાણી બીજું કોઈ નથી.. પોતાનાં અઢારે અંગ વાંકાં હોવા છતાં તનતોડ મહેનત કરવાની બાબતમાં એનો જોટો જડે એમ નથી.અભાવો મુશ્કેલીઓ અને વિષમ વાતાવરણમાં અનુકૂલન સાધી લેવાની એની ક્ષમતા અદ્ભુત છે..અન્ય પ્રાણીઓની તુલનામાં દેખાવે એ આકર્ષક નથી આમછતાં પોતાના મહેનતુ સ્વભાવથી એ બધાને ગમી જાય છે..એનો લબડતો હોઠ કે ઉટપટાંગ ચાલ જોઇ ઘડીભર હસવું આવે પણ રણપ્રદેશમાં સાંઢણી જયારે દોડ લગાવી છે ત્યારે અચંબો થઈ જવાય એવી એની ચાલ હોય છે..સાંઢણી એટલે માદા ઊંટ. એક સમય હતો જયારે મોટાં યુધ્ધો કે દુર્ગમ મુસાફરીઓ ઊંટના સહારે જ થતાં..ઊંટનો પોતાનો પણ વૈભવશાળી ઈતિહાસ છે.

એ આમ તો રણપ્રદેશનો જીવ છે..જે સરેરાશ ચાલીસ વરસ જીવે છે..ઉંટ બે પ્રકારનાં જોવા મળે છે .એક ખૂંધવાળાં અને બે ખૂંધવાળાં..આપણે ત્યાં મુખ્યત્વે પ્રથમ પ્રકારનાં જોવા મળે છે..બે ખૂંધવાળાં ઊંટ અરબસ્તાનમાં વધારે જોવા મળે છે..આપણે ત્યાં મારવાડ કે રાજસ્થાન નામ સાંભળતાં જ આપણી નજર સમક્ષ એની જીવંત છબી ઉપસી આવે છે..એના ઉદભવની કથા દરેક દેશમાં અલગઅલગ છે..આપણે ત્યાં પણ એક દંતકથા છે..એ મુજબ માતા પાર્વતીએ ભગવાન શિવ આગળ હઠ કરી કે "તમે પાંચ પગવાળા કોઇ પ્રાણીનું સર્જન કરો..અને શિવજી વિચારમાં પડી ગયા.આખરે એમણે ઊંટનું સર્જન કર્યું.જેને અન્ય પ્રાણીઓની માફક ચાર પગ તો રાખ્યા અને પાંચમા પગ તરીકે ખૂંધ આપી ! માતા પાર્વતી ખુશ થયાં અને ખૂંધના વૈભવ સાથે ઊંટ મૃત્યુલોકમાં વિહરવા લાગ્યું.ખૂંધ એ આમ તો એક પ્રકારની કુદરતી સ્ટોરેજ ટેક છે..ઊંટ લાગલગાટ છ માસ સુધી ખોરાક કે પાણી વગર જીવી શકે છે..એ પંદર મિનીટમાં સવાસો લીટર જેટલું પાણી ગટગટાવી જાય છે..ઊંટનું એક બીજું પણ અનોખું આકર્ષણ છે.એના પગમાં મુલાયમ લાગે એવી ગાદી હોય છે, જે હકીકતમાં વજજર જેવી હોય છે..એ જયારે રેત કે ઢોળાવો વચ્ચે ચાલે છે કે દોડે છે ત્યારે આ ગાદીઓ અદ્ભુત સંતુલન સાધે છે..એનો લબડતો હોઠ એ પણ રહસ્ય જેવો છે.ગરમી પવન અને ઉડતી ધુળ સામે રક્ષણ મેળવવા ઊંટની આંખ ઉપર બે પોપચાં હોય છે.તેના કાન ઉપર લાંબા વાળ હોય છે.તે ૬૦ કિલોમીટરની ઝડપથી દોડી શકે છે...આવો અટપટો દેહ અને ભારે કાયા છતાં એ જયારે દોડ લગાવે છે ત્યારે એક અપ્રતિમ સૌંદર્ય જાણે જીવંત થાય છે.આવાં તો ઘણાં રહસ્ય લઈને એ ફરે છે...

ઊંટ એ ઉપયોગી પ્રાણી છે..માણસના ઘણા કાર્યોમાં અં મૂકપણે પોતાની મદદ આપે છે..મુસાફરીઓ માટે કે ઊંટલારીઓ માટે એ રાતદિવસ થાક્યા વગર ખડેપગે ઉભું રહે છે..એનું જીવન સાદું છે..એનો કોઇ મોટો ખર્ચ માણસે ભોગવવો પડતો નથી.ખોરાકમાં એ આકડા સિવાય બધું જ પ્રેમથી ખાય છે..એ અર્થમાં જોઈએ તો એ તપસ્વી જીવ છે..આપણે ત્યાં કહેવત છે કે ઊંટ ટાળે આકડો અને બકરું ટાળે કાંકરો..! કડવો વખ લીમડો કોઇક સ્વાદિષ્ટ મીઠાઈની જેમ આરોગતું ઊંટ પ્રેરણાસમાન લાગે છે..સાદું જીવન અને પરમાર્થ એ જાણે એના માટે સહજ છે.

અમારા ગામ કામલપુરમાં અમારા ઘરની સામે રાવળવાસમાં ઘણાં ઊંટ ગ્રામ્યજીવનના એક હિસ્સા જેવાં લાગતાં..અમુક લોકો માટે એ આજીવિકાનું મુખ્ય સાધન છે..એ બોલે એને ગાંગરવું કહેવાય..એ સતત પોતાની હાજરીનો એહસાસ કરાવતું રહે છે.ઊંટનો લબડતો લાંબો ગુલાબી હોઠ જોવાની અમને મજા પડતી..એની ઉપર સવારી કરવી એ મુશ્કેલ કામ છે. પણ એક વખત તમે એની પીઠ ઉપર બેસી જાઓ અને ઉબડખાબડ એની ચાલ સાથે તમારો તાલ મળી જાય તો ઊંટની સવારી જેવી રોમાંચક સફર બીજી કોઈ હોતી નથી..પ્રવાસન વિભાગ રણપ્રદેશના વિસ્તારોમાં એના થકી ગજબ આકર્ષણ ઉભું કરે છે. બાળકો સહિત સહુકોઈને એની પીઠ ઉપર બેસી રોમાંચ કરવો ગમે છે .એના પાલન માટે તથા એની જાળવણી માટે અમુક જ્ઞાતિઓ નિપુણ હોય છે.ઊંટની દોડવા માટેની સ્પર્ધાઓ પણ યોજાય છે..

રાજસ્થાન,કચ્છ, સિંધ કે અરબસ્તાન જેવા રણપ્રદેશોમાં એની બોલબોલા હોય છે.એ પ્રદેશોની સંસ્કૃતિનું એ અભિન્ન અંગ છે.ઊંટ વેરાન અને અફાટ રણમાં સ્વંય રસ્તો શોધે છે..કલાકના પચાસ કિલોમીટરની ઝડપે દોડી શકે છે..ઊંટ કરતાં ઊંટડી વધારે ચપળ હોય છે..જેને સાંઢણી પણ કહે છે.ઝવેરચંદ મેઘાણીની શૌર્યકથાઓમાં "સાંઢણી અને સવાર "નાં રસપ્રદ આલેખન જોવા મળે છે..પહેલાંના સમયમાં યુદ્ધ અને સંગ્રામમાં હાથી અને ઘોડાઓ પહેલાં ઊંટોને દુશ્મન દળો સામે મૂકવામાં આવતાં..પછી હાથી ઘોડા આવતા..જેથી પહેલા પ્રહારોને ખાળી શકાય..એના ઉપરથી 'ઊંટ બનાવવું.." જેવો મહાવરો કદાચ આપણી ભાષાને મળ્યો છે..!યુધ્ધ જીત્યા પછીના વિજય સરઘસોમાં હાથી ઘોડા પાલખીનો જયજયકાર હોય છે...પ્રથમ શહીદ થનાર ઊંટને કોઇ યાદ કરતું નથી..!આમ પણ દુનિયામાં જે સારા હોય છે એની દશા કયાં સારી હોય છે? ઊંટ જો કે આ બાબતે નિર્લેપ છે. નિરાંતે ઘાસચારો વાગોળતાં ઊંટ આ બધી નિરાશાઓને જાણે નિરાંતે પચાવતું હોય એવું લાગે છે.

આપણે આગળ પણ વાત કરી એ મુજબ ઊંટ અનેક અજાયબીઓથી ભરપૂર છે..ખોરાકમાં એ આકડા સિવાય બધું ખાય છે..એની લિંડીઓ ગુણકારી છે.ઊંટડીનું દૂધ તો રામબાણ ઈલાજ છે.કડવો લીમડો ટેસથી આરોગતા ઊંટની અદા જોવા જેવી હોય છે...ઊંટડીનું દૂધ એ અત્યંત ગુણકારી ઔષધ સમાન છે..આજનો મહારોગ ઓબેસીટી છે...જેના અકસીર ઉપાય તરીકે આ દૂધ રામબાણ ઈલાજ છે. એ ફેટ રહિત હોય છે. ઊંટને લાડકોડથી રાખનાર લોકોને રાયકા કહે છે..જે રાજસ્થાનમાં જોવા મળે છે. એટલે જ કહેવાય છે કે ઊંટની ડોક હંમેશાં મારવાડ તરફ જ હોય..લાગણીનો કેવો આવિષ્કાર!

ઊંટ જયારે ટોળામાં હોય છે ત્યારે એને જોવાની અલગ મજા હોય છે..એકમેકની પાછળ આશાં